PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૯/કવા–૦૪/૧૭–૧૮/2303. તા. 27-03-2[illegible]

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાયાભાઈ ગોવાભાઈ સોનગરા,
ગામ: કનકપર
તા.કલ્યાણપુર,
જી. દેવભૂમી દ્વારકા
મો: ૯૯૦૯૬ ૨૪૨૮૨

વિષય :–નવુ ખેતઘર જોડાણ મેળવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૯/કવા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૯/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૨–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ડાયાભાઈ ગોવાભાઈ સોનગરા, ગામ: કનકપર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે અરુણભાઈ વેણીલાલ ત્રીવેદી હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : નવુ ખેતઘર જોડાણ મેળવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ખેતીવાડી સર્વે નંબર: ૩૦૦ મા ગામ:કનકપર ખાતે ની ખેતીવાડી ની જમીન મા – ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ – જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા તા.૧૧–૧૨–૧૭ ના રોજ રૂ.૬૯,૧૭૭/– નુ ભાવપત્રક ડી–કેટેગરી મા પાઠવવામા આવેલ. તેઓના સદર સર્વે નંબર મા – ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૧૧/૦૦૭૪૦/૪ થી ધરાવે છે, તેમજ જીઈઆરસી દ્વારા અરજદાર પાસેથી લેવાના ચાર્જીસ મંજુર કરાયેલ છે, તે મુજબ – માંગણી મુજબ ના વીજભાર પ્રમાણે – ફીક્સ ચાર્જ રૂ.૩,૫૦૦/– ભરપાઈ કરવાના થાય છે, સદર બાબત – સબંધક પીજીવીસીએલ ની કચેરી મા વારંવાર રજુઆત કરવા છતા – ફીક્સ ચાર્જ મુજબ નુ – ભાવપત્રક અપાયેલ નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર ડાયાભાઈ ગોવાભાઈ સોનગરા, તેઓના ખેતીવાડી સર્વે નંબર: ૩૦૦ ગામ:કનકપર ખાતે ની ખેતીવાડી ની જમીન મા – ૦૧ કીવો ના ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે તા.૨૯–૦૯–૧૭ – એસ.આર. નં: ૧૦૦૪૫૦૪૭ થી અરજી કરેલ છે, તેમજ સદર સર્વે નંબર મા અરજદાર – ૧૦ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૧૧/૦૦૭૪૦/૪ થી ધરાવે છે, જે અનુસંધાને – અરજદાર ની ખેતીવાડી ની જમીન મા – ઘરવપરાશ વીજજોડાણ માટે પીજીવીસીએલ દ્વારા જરૂરી તાંત્રીક મંજુરી મેળવી – તા.૧૧–૧૨–૧૭ ના રોજ રૂ.૬૯,૧૭૭/– નુ ભાવપત્રક ડી–કેટેગરી મા પાઠવવામા આવેલ. સદર ભાવપત્રક – જીયુવીએનએલ ના પત્ર નં.: ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ – તેમજ જીઈઆરસી ના પત્ર નં.: જીઈઆરસી / ટેક / ૨૦૧૪ /૧૩૭૮ તા.૨૪–૦૬–૧૪ જોગવાઈ મુજબ – ગ્રાહક ને વાસ્તવિક ખર્ચ અથવા KW આધારીત ફીકસચાર્જ – એ બે માથી – જે વધુ ૦૧ લાખ ની મર્યાદા સુધી હોય – તે ચુકવવા પાત્ર રહેશે, તે અન્વયે – અરજદાર ને અપાયેલ ભાવપત્રક બરાબર છે. આમ, અરજદાર ની ફરીયાદ મુજબ – તેઓને – ખેતીવાડી ની જમીન મા વીજ જોડાણ હૈયાત હોય – તેઓને ફીકસચાર્જ – મુજબ – રૂ.૩,૫૦૦/– નુ ભાવપત્રક આપવા રજુઆત કરેલ, તે નિયમાધીન રીતે ગ્રાહય રાખી શકાય નહી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ને તેઓના ખેતીવાડી ની જમીન મા – ૦૧ કીવો ના ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે અપાયેલ ભાવપત્રક નિયમાધીન છે, જેથી અરજદાર ની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. તેમ ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની – અરજદાર ની રજુઆત નિયમાધીન ન હોય – ગ્રાહય રાખી શકાય નહી, તે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ખાલી જગ્યા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.